મહેસાણાના બીજા એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રીની અદાલત,
મુ. મહેસાણા.

---

<u>ક્રિમી. કેસ. નં. ૩૭૬૦/૨૦૧૮</u>

<u>આંક–૧ લગત હુકમ.</u>

કેસનું રેકર્ડ વંચાણે લીધું. વારંવાર પોકાર કરતાં ફરીયાદી કે વિ.વ.શ્રી હાજર નથી. સદર કામ ઘણાં લાંબા સમયથી આરોપીને પ્રોસેસ બજવા ઉપર છે. આરોપી પર ઘણાં સમન્સ/વોરન્ટ કાઢતાં આરોપી તે જગ્યાએ રહેતા નથી તેવા શેરા સાથે પ્રોસેસ વગર બજે પરત આવેલા છે. ત્યાર બાદ ફરિયાદી કોર્ટમાં હાજર રહીને આરોપીનું નવું સરનામું રેકર્ડ ઉપર લાવેલ નથી. તેથી નજીકના ભવિષ્યમાં પણ આરોપીને પ્રોસેસ બજી શકે તેવી શક્યતા જણાતી નથી. આ કામે કોર્ટ પાસે ફરીયાદના સરનામાં સિવાય આરોપીનું અન્ય સરનામું રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. હાલની ફરિયાદ એ ખાનગી ફરિયાદ છે. પોતાની ફરિયાદની કાર્યવાહી આગળ ચલાવવા ફરિયાદીએ કોઇ પ્રયત્ન કરેલ ન હોય તેવું રેકર્ડ પરથી જણાઇ આવે છે. કારણ કે ફરિયાદી ફરિયાદ દાખલ કરે ત્યારથી કેસ પુરો થાય ત્યાં સુધી આગળની કાર્યવાહી કરવાની જવાબદારી ફરિયાદી ઉપર હોય છે પરંતુ હાલની ફરિયાદમાં જયારે આરોપીને જ પ્રોસેસ બજતા નથી અને ફરિયાદી આરોપીનું નવું સરનામું આપવામાં નિષ્ફળ નિવડેલ હોય ત્યારે ફરિયાદીને પોતાનો કેસ આગળ ચલાવવામાં રસ ન હોય તેવું જણાય છે. તેથી હાલની ફરિયાદ ફરિયાદીની ગેર હાજરીને કારણે તથા ફરીયાદીએ હાજર રહીને કેસ કાર્યવાહી આગળ ન ચલાવવાના કારણે (**For Want of prosecution**) ફરિયાદ **CRPC** 256 અન્વયે કાઢી નાંખવાનો હુકમ કરવામાં આવે છે.

સદરહુ હુકમ આજ રોજ તા.૩૧મી માહે માર્ચ, સને ૨૦૨૧ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ ૩૧–૦૩–૨૦૨૧
સ્થળઃ મહેસાણા.

( જાગૃતિ અમૃતલાલ પરમાર )
(**JUDGE CODE No. GJ** 01002)
બીજા એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
મહેસાણા.